ફોર્મ નં: તારીખ :

**વાહન પરિવહન ઇજારા માટેનું કરાર ફોર્મ**

**પ્રતિ,**

શ્રી જનરલ મેનેજર સાહેબ,
શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી,
જામનગર – ગુજરાત.

**વિષય : તા: ૦૧/૦૪/૨૦૨૫ થી તા: ૩૧/૦૩/૨૦૨૬ સુધીના સમયગાળા માટે વાહન પરિવહન ઇજારા બાબતે**

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે આપની જાહેરાતની શરતો અને નીચે દર્શાવેલ નોંધ/સૂચનાઓ તથા આ સાથે સામેલ કરારની તમામ શરતો આધીન ઇજારો રાખવા હું/અમો સંમત છું/ છીએ. જે માટે હું/અમો કોષ્ટકમાં ભરેલ વિગત મુજબના વાહન, સાથે જણાવેલ ભાવથી ચલાવવા માંગીએ છીએ.

| અ.નં. | વાહન નું નામ | ભાવ/પ્રતિ કી.મી. દીઠ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

**આ ઈજારા માટે જરૂરી ઈજારદારની તેમજ વાહનની વિગતો આ સાથે સામેલ કરેલ છે.**

--------------------------------

ઇજારાદારની સહી

**૧. આ ઇજારમાં ફરનાર મારા/અમારા વાહન અંગેની તથા જરૂરી માહિતી નીચે મુજબ છે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઇજારદારનું નામ | | | | | |
| ઇજારદાર નું સરનામું | | | | | |
| મુકામ/પોસ્ટ | | તાલુકો | | જિલ્લો | |
| ટેલિફોન નં | | મોબાઈલ નં. | | પાન કાર્ડ નં. | |

**૨. વાહન ની વિગત :**

| અ.નં. | વાહન રજીસ્ટર માલીકનું નામ | વાહનનો પ્રકાર | વાહન રજીસ્ટર. નં | રજીસ્ટર વર્ષ | વીમા પોલિસી નંબર. |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**૩. ખાસ સૂચનાઓ:**

- ઇજારદારે કરાર ની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.
- ઇજારો વાચી સમજી વિગતે ભરવાનું રહેશે.
- ઇજારામાં મૂકનાર પેક વાહન નું મોડેલ તા ૦૧.૦૧.૨૦૧૮ કે તે પછી નું હોવું જોઈએ.
- ઇજારો જે નામે આપવામાં આવશે તે જ નામે એક વર્ષ માટે સ્વીકારશે.
- આ ઇજારો ટ્રાવેલિંગ એજન્સી ભરી શકશે.
- વાહન માલિકીનું છે કે ભાગીદારીમાં હોય તે ફોર્મમા જણાવવાનું રહેશે. જો ભાગીદારી માં હોય તો ભાગીદારીના દસ્તાવેજ ની પ્રમાણિત ખરી નકલ કરાર ફોર્મ સાથે જોડાણ કરાવી ફરજીયાત છે.
- આ ફોર્મમાં હકીકત / માહિતી ખોટી જાહેર કરેલ હોવાનું જણાશે, તો કરાર નામંજૂર કરવાને પાત્ર ગણાશે.
- વાહનમાં ફરજીયાત કોમર્સિયલ(પીળી) નંબર પ્લેટ હોવી જોઈએ.
- ઈજારદાર દ્વારા સંઘ જણાવે તે પ્રકારના સિક્યોરીટીના ઉપકરણો (GPS વગેરે) જાળવવા જોઇશે.

- ફરજ માટેનું સ્થળ  - શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી, હાલાર દૂધ ધારા, પ્લોટ ૪૩/બી, અંબિકા વે બ્રિજ પાસે, MM ગ્લાસ સામે, હાપા ઉધોગનગર, હાપા, જામનગર. ૩૬૧૧૨૦
- વાહન પરિવહન સ્થળ : જામનગર જિલ્લાની અંદરના ગામડાઓ તથા જરૂર પડ્યે ગુજરાત રાજ્યની અંદર ના સ્થળો.
- ટેન્ડર ને લગતી તમામ માહિતી અને દસ્તાવેજો બંધ કવરમાં દર્શાવેલ સમય અને તારીખ સુધીમાં મોકવાની જવાબદારી ઈજારેદાર ની રહેશે.
- ટેન્ડર બીડ દરમિયાન ઈજારેદાર અથવા તેના જવાબદાર પ્રતિનિધિ તથા સંઘ નાં નિયુક્ત થયેલ અધિકારીઓના રૂબરૂ ટેન્ડર ખોલવામાં આવશે જેમાં સૌથી નીચા ભાવ માં આવેલ ટેન્ડર બીડ ને પસંદગીતા માટે અગ્રતા આપવામાં આવશે.
- ટેન્ડર ખોલવાના સમય અને તારીખે હાજર રહેવું જરૂરી છે. ટેન્ડર બીડ ખુલવાની તા: ૧૫/03/૨૦૨૫ અને સમય: બપોરે ૩:૩0 કલાકે થી રહેશે.
- ટેન્ડર માં ખૂટતી માહિતી અને જરૂરી દસ્તાવેજ ની પૂર્તતા ન થાય ત્યારે ટેન્ડરનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો સંઘના પ્રતિનિધિ મંડળનો નિર્ણય આખરી ગણાશે.
- પસંદ થયેલ ઇજારેદાર સાથેનો કરાર તા. 0૧/0૪/૨૦૨૫ થી તા. ૩૧/03/૨૦૨૬ સુધીના સમયગાળા માટે આ સાથે જણાવેલ શરતો તેમજ કરાર ની તમામ શરતોને આધીન રહેશે.
- જે ઇજારદારનું ટેન્ડર મંજુર કરવામાં આવે તેમણે દિન ૭ માં સ્વ ખર્ચે ૩00 રૂપિયાના સ્ટેમ્પ પેપર પર કરાર નોટરી કરાવી સંઘ ની ઓફિસે જમા કરાવવાનો રહેશે તેમજ તા. 0૧/0૪/૨૦૨૫ થી સુવિધાઓ ચાલુ કરવાની રહેશે.
- વાહન એક માલીક અથવા ટ્રાવેલિંગ એજેન્સી પાસે થી મળશે તો તેમણે પહેલા પ્રાધાન્ય આપવામાં આવશે.

૪. **ટેન્ડર ફોર્મ સ્વીકારવાનો સમય તથા ઓફિસ સરનામું** :

ટેન્ડર ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા: ૧૫/03/૨૦૨૫ તથા સમય બપોરે ૧૨:00 કલાક સુધી

ઓફિસ નું સરનામું: શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.,
હાલાર દૂધ ધારા, પ્લોટ ૪૩/બી, અંબિકા વે બ્રિજ પાસે, MM ગ્લાસ સામે,
હાપા ઉધોગનગર, હાપા, જામનગર. ૩૬૧૧૨૦

**૫. ટેન્ડર ફોર્મ સાથે આપવાના પુરાવા તરીકે નીચે મુજબના દસ્તાવેજો તથા માહિતી પૂરી કરવી ફરજિયાત છે.**

- Earnest money: રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર પૂરા) ચેક અથવા DD સ્વરૂપે સ્વીકારવામાં આવશે.
- વાહનના રજીસ્ટ્રેસન સર્ટિફિકેટ (આર.સી. બૂક) અને ડ્રાઇવિંગ લાઈસન્સ, જેતે ટેન્ડર ભરતા વ્યક્તિ/ફર્મ ના નામે હોવા જોઈએ.
- PAN કાર્ડ ની નકલ
- બેન્ક ખાતાની વિગત
- કરારની શરતોની વિગત, ઇજારદારની સહી સાથે

**શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.**

**"હાલાર દૂધ ધારા"**

**પરિવહન ઇજારા માટેનો કરાર**

આથી હું નીચે સહી કરનાર ........................................................................ ઉ.વ......, ધંધો...........,ધર્મે: ............, રહે.:........................................................................ વાળા એક તરફી કરારનામું લખી આપું છુ કે,

શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. હાલાર દૂધ ધારા ડેરી, પ્લોટ નં- ૪૩/બી, હાપા ઉધોગનગર, હાપા, જામનગર. ૩૬૧૧૨૦ ના વાહન પરિવહનનો ઇજારો તા: ૦૧/૦૪/૨૦૨૫ થી તા: ૩૧/૦૩/૨૦૨૬ અને સંઘને જરૂર જણાય ત્યાં સુધી મંજુર થયેલ ટેન્ડર મુજબના ભાવ થી તેમાં જણાવેલ શરતો ને આધીન વાહન પરિવહન કરાર કરી આપું છું. આ કરારની મુદત પૂરી થવા અંગે લેખિત નોટિસ દ્વારા મને જાણ કરવા સંઘ બંધાયેલ નથી. મુદત પૂરી થયે આ કરારનો આપોઆપ અંત આવશે અને એકબીજાની જવાબદારીઓ અને લેણાં દેવા સમજીને છૂટા થઈ શકશે. ઉપરોક્ત કરારની મુદત વિત્યે સંઘ લેખિત સંમતીથી વાહન પરિવહન ઇજારાની મુદતમાં વધારો કરી શકશે. આ કરારની શરતો મેં વાંચેલ છે સમજેલ છે. જે મને મારા વાલી વારસો સહિત મંજુર છે અને બંધનકર્તા છે.

**વ્યાખ્યાઓ**

- સંઘ – શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
- ડેરી – હાલાર દૂધ ધારા ડેરી.
- ચેરમેન શ્રી – શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. બંધારણની રૂઈએ ચૂંટાયેલા અને સંઘના વડા તરીકેનો હોદ્દો સભાળતા હોય તે.

- જનરલ મેનેજર – વહીવટી વડા તરીકેનો હોદ્દો સાંભળતા હોય તે પગારદાર કર્મચારી.
- અધિકૃત અધિકારી – સંઘનું કામકાજ સાંભળતા હોય તે પગારદાર કર્મચારી.
- પક્ષકાર નંબર -૧ – જનરલ મેનેજર.
- પક્ષકાર નંબર -૨ – વાહન પરિવાહનનો ઇજારો રાખનાર વ્યક્તિ.

**કરારના સામાન્ય નિયમો અને શરતો નીચે મુજબ રહેશે.**

- પાર્કિંગ/ટોલ, રાજ્ય કર જે વાહને લગતા અન્ય તમામ કાનૂની જવાબદારીઓ અને કર ભરવાની જવાબદારી તમામ ઇજારેદારની રહેશે. ટ્રીપ દરમ્યાન થયેલ પાર્કિંગ/ટોલનો ખર્ચ બીલ સાથે રજુ કર્યેથી પરત મળવાપાત્ર રહેશે.
- જે તે માસના અંતમાં ઇજારદારે વાહનની લોગબુક સાથે સંઘ દ્વારા જણાવેલ તમામ વિગતો વાળું વાહનનું બીલ સંઘની ઓફિસે જમા કરવાવનું રહેશે.
- જો ડિઝલ / સી.એન.જી. ના ભાવમાં વધારો કે ઘટાડો (રૂ. ૧ અથવા તેથી વધારે કે ઓછું હોય તો જ) થાય ત્યારે બિલમાં નીચે મુજબ ફેરફાર કરવાના રહેશે. મહિના દરમિયાન થયેલ ડિઝલ/સી.એન.જી. ના ભાવમાં જો ફેરફાર પ્રમાણે ટેન્ડરમાં નક્કી થયેલ ભાવ (પ્રતિ કિ.મી.) ના ૫૦% રકમ માં ફેરફાર કરવામાં આવશે.
- પક્ષકાર નં ૨ની સિક્યોરીટી ડિપોઝિટ પેટે પ્રથમ બિલના ૫૦% રકમ સંઘમાં જમા રહેશે, જે કરાર પૂર્ણ  થયાના એક મહિનામાં પરત કરવામાં આવશે.
- બિલ નું ચૂકવણું દર મહિને (બિલ મળ્યાના ૧૦ દિવસ સુધીમાં) કરવામાં આવશે ચૂકવણું જેતે માન્ય કરાયેલ બેન્ક ના ખાતામાં કરવામાં આવશે, બિલ સિવાય નું કોઈ ચૂકવણું સંઘ દ્વારા કરવામાં નહીં આવે.
- કરાર એક વર્ષ માટે રહેશે અને જો સંઘ તથા ઇરજદારના પરસ્પર સમજૂતી અને સમજણ દ્વારા તેને વધારી પણ શકાશે.
- કરારના સમયગાળા દરમિયાન સંઘ કરારના કોઈ નીતિ નિયમોમાં ફેરફાર કરી શકશે, જે ઇજારદારને બંધનકર્તા રહેશે.
- ઇજારદાર કે વાહન કે ડ્રાઈવર દ્વારા સંઘના કોઈ માલ, મિલ્કતને કે અન્ય નુકશાન થાય અથવા ટ્રીપ દરમ્યાન સંઘ સિવાયના અન્ય વ્યક્તિ કે માલ સામાન લાવવા લઇ જવા અથવા બિનજરૂરી રોકાણ દંડને પાત્ર ગણાશે. જેની ભરપાઇ સંઘ દ્વારા જે તે બીલમાંથી વસુલ કરવામાં આવશે. સંઘ જરૂર જણાયે આવા કિસ્સામાં કરાર રદ પણ કરી શકશે.
- સરકાર દ્વારા જાહેર કરેલ ટેક્સ જેવા કે TDSની નિયમ અનુસાર બિલ માંથી કપાત કરવામાં આવશે.

- કરાર દરમિયાન ઇજારાદારને જો જી.એસ.ટી લાગુ પડતો હોય અથવા તો ભવિષ્ય માં લાગુ પડાવનો હોય તો તેવા સંજોગોમાં જી.એસ.ટી. સાથેનો ભાવ આપવાનો રહેશે અને જેની જવાબદારી ઈજારદારની રહેશે.
- ભાડે લીધેલ વાહન જ્યારે સંઘમાં જરૂરિયાત ઊભી થાય ત્યારે ફરજ પરના સ્થળ પર હાજર રહેવું જોઈશે.
- કરાર દરમિયાન વાહન કાર્યકારી સ્થિતિમાં ન હોય અથવા વારંવાર ફેરબદલી કરવામાં આવતું હોય અથવા અન્ય કારણોસર કામ ન કરતાં હોય તેવી સ્થિતિમાં સંઘ દ્વારા નોટિસ આપીને જાણ કરવામાં આવશે અથવા કરાર તબદીલ / બંધ કરવામાં આવશે .
- સંઘ સાથે થયેલ ઇજારો પક્ષકાર નં ૨ બીજા વ્યક્તિ કે ફર્મ ના નામે ફેરફાર કરવા માગે છે, તેવા સંજોગોમાં સંઘ મંજૂરી આપશે તો રૂ ૩,૦૦૦/- ટ્રાન્સફર ફી ભરીને તે ફેરફાર કરાવી શકશે અને નવા પક્ષકાર નં ૨ જે સંપૂર્ણ સંઘના ઇજારની શરતો ને બંધનકર્તા રહેશે.

--------------------------------

ઇજારાદારની સહી

સરનામું:- ............................................................

............................................................

૧.સાક્ષીની સહી:-.....................................................

૨.સાક્ષીની સહી:-.....................................................

સદર વાહન ......................... ભાવ ............... થી, શ્રી ........................................... આપવાનું મંજૂર છે.

------------------------------

જનરલ મેનેજર